# આકાશવાણી, અમદાવાદ

**31-05-2025** **Midday: 2.30 to 2.35 pm**
**Saturday** **Regional News**

**CM SURENDRANAGAR**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું ઓપરેશન સિંદૂર 140 કરોડ દેશવાસીઓનો મિજાજ બની ગયું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર તથા વિવિધ વિભાગના 696 કરોડ રૂપિયાથી વધુના 12 વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે સૌની યોજના જળ વ્યવસ્થાપનમાં ગેમ ચેન્જર સાબિત થઈ છે. તેમણે નર્મદાના પાણીથી મહિલા અને ખેડૂતોનું જીવન વધુ સરળ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

---------------------------------------------------

**STATE MOCK DRILL**

આજે બનાસકાંઠા, અમદાવાદ, જામનગર, અરવલ્લી, ગાંધીનગર સહિતના જિલ્લામાં "ઓપરેશન શિલ્ડ" મોકડ્રીલ યોજાશે. આ દરમિયાન બ્લેક આઉટ પણ કરવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પણ સાંજે 7.30 થી 8.00 દરમિયાન બ્લેકઆઉટ રહેશે. ત્યારે અહી યોજાતા પ્રોજેક્શન મેપિંગ લેસર શોનો નિર્ધારિત સમય બદલીને આજે એક દિવસ માટે રાત્રે 8.00 કલાકનો કરાયો છે. જ્યારે નર્મદા મહાઆરતીનો સમય રાત્રે 8.45 કલાકનો રહેશે.

---------------------------------------------------

**GANDHINAGAR KARAI MOCKDRILL**

ગાંધીનગરમાં કરાઈ કેનાલ ખાતે NDRF, SDRF, પોલીસ, NCC અને નાગરિક સંરક્ષણની સંયુક્ત કવાયત હાથ ધરાઇ. જેમાં પૂર જેવી પરિસ્થિતિમાં એકબીજાને કઈ રીતે સહયોગ આપવો તે અંગે માર્ગદર્શન અપાયું. આ દરમિયાન સેના દ્વારા રાહત શિબિર અને સ્થળાંતર કવાયત પણ યોજાઇ. ઉપરાંત દરેક એજન્સીઓના સાધનોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું. આ અંગે બ્રિગેડિયર રાજેશકુમારે વધુ માહિતી આપી.

---------------------------------------------------

**RTE – BENEFICIARY STUDENTS**

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬ લાખ ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ શિક્ષણનો અધિકાર એટલે કે RTE હેઠળ લાભ લીધો છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે ૩ હજાર ૮૦૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કર્યો છે. RTE હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શિક્ષણ સામગ્રી ખરીદવા પ્રતિવર્ષ ૩ હજાર રૂપિયાની સહાય પૂરી પાડતું ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય બન્યું છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૫ – ૨૬ માટેની પ્રવેશ પ્રક્રિયામાં પ્રથમ અને બીજા તબક્કામાં રાજ્યના 85 હજારથી વધુ વિદ્યાર્થીઓએ શાળા કક્ષાએ લાભ લીધો છે,જ્યારે ત્રીજા તબક્કાની પ્રવેશ કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

-----------------------------------------------------

**RATION CARD EKYC**

રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૫ ટકાથી વધારે NFSA રેશનકાર્ડ ધારકોનું e-KYC પૂર્ણ કરાયું છે. બાકીના રેશનકાર્ડ ધારકોને સમયસર પૂરતો અનાજનો જથ્થો મળી રહે તે માટે સત્વરે e-KYC કરાવી લેવા રાજ્ય સરકાર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, કાર્ડ ધારકો હવે ઘરે બેઠા My ration app ઉપરાંત નજીકની મામલતદાર કચેરી,ઝોનલ કચેરી કે ગ્રામપંચાયતમાં જઈને e-KYC કરાવી શકે છે તેમ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ યાદીમાં જણાવાયું છે.

-----------------------------------------------------

**JAMNAGAR - DEMOLITION**

જામનગરમાં સ્વામિનારાયણ નગર થી નવાગામ ઘેડ સુધીના માર્ગ પર ૪૫ હજાર ૨૮૪ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરવા માટે મહાનગરપાલિકા દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ છે. 300થી વધુ મિલકત ધારકોને નોટિસ આપ્યા બાદ આજે આ કામગીરીમાં ૧૦ જેસીબી મશીન, ૧૦ ટ્રેક્ટર, ૨ હિટાચી મશીન, ૧૫૦ કર્મચારીઓનો સ્ટાફ અને ફાયરની ચાર ટુકડી જોડાઈ હતી. કામગીરી દરમિયાન સ્થાનિકો સાથે ભારે ઘર્ષણ થતાં પોલીસ દ્વારા 5થી વધુ વ્યક્તિની અટકાયત કરાઇ છે.

-----------------------------------------------------

**DWARKA DEMOLITION**

દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં તેલી નદી પાસે સતત બીજા દિવસે ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઇ. અમારા પ્રતિનિધિ કરણ જોશી જણાવે છે કે ખંભાળિયા પાલિકા દ્વારા ગેરકાયદેસર થયેલા 100 જેટલા ગેરકાયદેસર દબાણ કર્તાઓને નોટિસ આપવામાં આવી હતી. નોટિસની મુદત પૂર્ણ થતાં ગેરકાયદેસર રહેણાંક મકાન, દુકાનો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

-----------------------------------------------------

**MEHSANA NO TOBACCO**

આજે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તમાકુથી થતી બીમારીઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસ ઉજવાય છે. ત્યારે મહેસાણા જિલ્લામાં પણ આરોગ્ય વિભાગ દ્વારા રેલી તેમજ લોક જાગૃતિના કાર્યક્રમો સાથે આ દિવસ ઉજવાયો. જિલ્લા ટોબેકો સેલ દ્વારા એક હજાર શૈક્ષણિક સંસ્થાઓ તમાકુ મુક્ત જાહેર કરવામાં આવી છે. જેમાં કડી તાલુકામાં સૌથી વધુ 250 શૈક્ષણિક સંસ્થાઓ તમાકુ મુક્ત જાહેર કરાઇ છે.

-----------------------------------------------------

**AHM PANJRAPOL**

અમદાવાદમાં શ્રી વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા ખાતે એક કરોડના દાનથી નિર્માણ પામેલ, 600 અબોલજીવો રહી શકે તેવા અત્યાધુનિક અને વાતાનુકૂલિત આશ્રય સ્થાનનું ઉદઘાટન કરાયું. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમદાવાદમાં પ્રથમવાર વિવિધ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ એનિમલ એમ્બ્યુલન્સને મેયર પ્રતિભાબેન જૈન અને એલીસબ્રીજ વિસ્તારનાં ધારાસભ્ય અમિત શાહ દ્વારા આવકારવામાં આવી હતી.

-----------------------------------------------------

**TAPI CYCLOTHON**

તાપી જિલ્લાના વ્યારા ખાતે પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે સાયક્લોથોન યોજાઈ. સયાજી ગ્રાઉન્ડથી 14 કિલોમીટરની આ સાયક્લોથોનમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાનો સંદેશ અપાયો.

-----------------------------------------------------